# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૩/પરવાનગી/૧૫૯/૨૦૧૨
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૮ - ૧૧ – ૨૦૧૨

પ્રતિ,
શ્રી અરવિંદભાઇ રાવજીભાઇ પટેલ તથા અન્ય
મુ.પો.ભાયલી,
તા.જી.વડોદરા.

વિષય :-મોજે ભાયલી, તા.જી.વડોદરાના રે.સ.નં.૨૫૯૩, બ્લોક નં.૧૭૬૬ ની જમીનમાં કુલ-૩૭ રહેણાંકના મકાનો તથા કોમનપ્લોટ માં કલબ હાઉસ ના બાંધકામ માટે રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૦૩-૧૧-૨૦૧૨ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## રીવાઈઝડ વિકાસ પરવાનગી

શ્રી અરવિંદભાઇ રાવજીભાઇ પટેલ તથા અન્ય ગામ ભાયલી, તા.જી.વડોદરાના રે.સ.નં.૨૫૬૩, બ્લોક નં.૧૭૬૬, માં ક્ષેત્રફળ ૪૩૫૦.૦૦ ચો.મી. જમીનમાં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર ૧૫૦૩.૩૮ ચો.મી., ફર્સ્ટ ફ્લોર ૧૮૪૧.૧૨ ચો.મી. ,સ્ટેર કેબીન ફ્લોર ૨૭૦.૮૪ ચો.મી. તથા કલબ હાઉસ ગ્રાઉન્ડ ફ્લોર ૬૨.૫૦ ચો.મી.મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૩૬૭૭.૮૪ ચો.મી. વાળી જમીનમાં કુલ-૩૭ રહેણાંકના મકાનો તથા કોમનપ્લોટ માં કલબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧ (૧), ૨૯/૧(૨) હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

૨. કોમન પ્લોટ તથા તેમાં આયોજીત કલબહાઉસ ની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૬૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ,તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૫. જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં.૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૩/પરવાનગી/ ૯૫ ૫/૨૦૧૨
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૯- ૧૧- ૨૦૧૨

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.